ORDER CRIMINAL CASE NO. 190/2026

# મેંદરડાના ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબશ્રીની અદાલતાં
# મુ.મેંદરડા

**ફોજદારી કેસ નંબર : ૧૯૦/૨૦૨૬**

**આંક :**

**ફરિયાદી**

શ્રી સરકાર

મેંદરડા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૯૨૬૦૧૦૮/૨૦૨૬

વિરૂધ્ધ

**આરોપી**

નરેશભાઈ ઉર્ફે જગીરો નાનજીભાઈ માંગરોળીયા જાતે વાંજા

ઉ.વ.૫૩ ધંધો : મજુરી

રહે. મેંદરડા સામાકાંઠા વિસ્તાર

ચાર્જ : પ્રોહી કલમ ૬૬ (૧) બી

-----------------------------------------------

ફરિયાદ પક્ષે : વિ. એ.પી.પી.શ્રી કે. બી. ટાંક

બચાવ પક્ષે : વિ.વ.શ્રી એન.આર.ગુજરીયા

-----------------------------------------------

**– : ચુકાદો :–**

(૧) આ કામના આરોપી નરેશભાઈ ઉર્ફે જગીરો નાનજીભાઈ માંગરોળીયા જાતે વાંજા ઉ.વ.૫૩ ધંધો : મજુરી રહે. મેંદરડા સામાકાંઠા વિસ્તાર સામે પ્રોહી કલમ ૬૬ (૧) બી મુજબના ગુનાનુ ચાર્જશીટ આ અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી કરવા સારૂ રજુ કરેલ છે.

(૨) હાલના આરોપી અત્રેની અદાલત રૂબરૂ હાજર રહેલા છે અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપીની પ્રથમ આંક–૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓ ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાવેલ અને તે મતલબની આંક–૩ થી કબુલાત પુરશીષ રજુ કરેલ છે.તેઓ વિશેષમાં જણાવેલ છે કે '' આ ગુન્હો તેઓની પ્રથમ વખતનો ગુન્હો છે અને તેઓને આ ગુન્હાનો તેને પસ્તાવો છે અને તેઓ ગરીબ પરીસ્થિતીના છે જેથી તેઓને હળવી સજા કરવી.'' તેવી રજૂઆત કરેલ છે.

(૩) આજરોજ અદાલતમાં આરોપી તરફેની રજૂઆત તથા કેસનુ રેકર્ડ ધ્યાને લેતા આરોપી તરફેથી કબુલાત ધ્યાન લેતા આરોપી ગુન્હાની સ્વૈચ્છાએ કબુલાત આપતા હોય અને સદરહુ કબુલાત બીનકેફે કે કોઈ ગેરરજૂઆત વગર કરવામાં આવેલ છે તેવુ જણાઈ આવે છે. આરોપી તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે તેઓનો આ

પ્રથમ ગુન્હો છે અને તેઓને ગુન્હો કર્યા અંગેનો પસ્તાવો છે અને હવે બીજી વગર આવા પ્રકારનો ગુન્હો નહી કરે તેવી ખાતરી આપતા હોય જે ધ્યાને લેતા આરોપી એ જે કબુલાત આપેલી છે તે સ્વૈચ્છીક હોય તેવુ જણાઈ આવે છે. આ કામે ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)(બી) માં વધુમા વધુ છ માસની સજા અને રૂા.૧૦૦૦/– (રૂપીયા એક હજાર) સુધીના દંડની જોગવાઈ છે. આરોપી એવી રજુઆત કરે છે કે ''અમોને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી છે અને અમને વધુ જેલમાં રાખવામાં આવશે તો તેમના પરિવારજનોનુ ભરણપોષણ થઈ શકે તેમ નથી અને તેમને ઓશીયાળુ જીવન જીવવાની પરીસ્થિતી ઉપસ્થિત થાય તેમ છે.જે તમામ સંજોગો અને હકિકતો ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી નરેશભાઈ ઉર્ફે જગીરો નાનજીભાઈ માંગરોળીયા જાતે વાંજા ઉ.વ.૫૩ ધંધો : મજુરી રહે. મેંદરડા સામાકાંઠા વિસ્તારવાળાને બી.એન.એસ.એસ. ૨૭૫ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–(અંકે રૂપીયા સો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૧૦ની વધુ સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૧૧ મી, માહે : જૂલાઈ, સને–૨૦૨૬ ના ના રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬.
સ્થળ :– મેંદરડા.

(જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહિત)
ન્યાયીક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
U.I.Code No. GJ001185

એમ. એમ. નં........ તા.૧૧/૦૭/૨૦૨૬ થી
રૂા.૧૦૦/–(એકસો પુરા) દંડ વસુલ લીધો.
તા.૧૧/૦૭/૨૦૨૬

રજીસ્ટ્રાર–કમ–નાઝીર
ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટ
મેંદરડા